# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SANGHVI BHAVNAGAR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે ભાવનગર જિલ્લાના નાની માળ ખાતે 12 જ્યોતિર્લિંગ સહિત 17 મંદિરના જીર્ણોધ્ધાર સમારોહમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે જણાવ્યું, હવે એક જ સ્થળેથી 12 જ્યોતિર્લિંગના દર્શન કરી શકાશે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

ભાવનગર જિલ્લાના પ્રવાસે આવેલા શ્રી સંઘવી આજે દેવગાણા ગામ ખાતે શહીદ જવાનના નિવાસસ્થાને પરિવારજનોને આર્થિક સહાય ચેક અર્પણ કરશે , ત્યારબાદ અધેવાડા ખાતે "PM e-Bus Sewa" યોજના અંતર્ગત ઈકો-ફ્રેન્ડલી 50 ઈલેક્ટ્રિક બસોનું પણ લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . . .

# UDAIPUR-AHMEDABAD VANDE BHARAT

ઉદયપુર–અમદાવાદ વચ્ચે નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની શરૂઆત થઈ છે. જે સોમવારે હિંમતનગર રેલવે સ્ટેશન ખાતે ટ્રાયલ માટે આવશે. આ ટ્રેનની નિયમિત સેવા 18 ફેબ્રુઆરીએ શરૂ થશે. જે ઝાવર , ડુંગરપુર, હિંમતનગર એમ ત્રણ જગ્યાએ ઊભી રહેશે. આ ટ્રેનને અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ તીર્થધામ શામળાજી ખાતે પણ સ્ટોપેજ મળે તે માટે   સાંસદ શોભનાબેન બારૈયાએ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરી છે. આ નવી સુવિધાથી ઉદયપુર અને અમદાવાદ વચ્ચેનો પ્રવાસ વધુ ઝડપી, આરામદાયક અને આધુનિક બનશે.

. . . . . . . . . . . . .

# BANASKANTHA LIBRARY

રાજ્ય કક્ષાના મંત્રી પ્રવીણ માળીએ બનાસકાંઠા જિલ્લાના ડીસાના રમુણ ખાતે રમતગમત મેદાન અને પુસ્તકાલયનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું, રાજ્ય સરકાર ગામડાઓના ઉત્થાન માટે કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું , રાજ્ય સરકારના સતત પ્રયત્નોથી ગામના ત્રણેય તળાવો નર્મદાના પાણીથી ભરવાની મંજૂરી મળી છે જે રમુણના ભવિષ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ પગલું છે.

(બાઇટ : પ્રવીણ માળી, રાજ્ય કક્ષાના મંત્રી)

. . . . . . . . . . . . .

# SABARKANTHA CANTEEN

સાબરકાંઠા–અરવલ્લી લોકસભા વિસ્તારના ભૂતપૂર્વ સૈનિકોના હિત માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે માજી સૈનિકો માટેની કેન્ટીન શરૂ કરાશે.

આ વિસ્તારના પૂર્વ સૈનિકોને જીવન જરૂરી વસ્તુઓ લેવા માટે ગાંધીનગર અને અમદાવાદ સુધી જવું પડતું હોવાની રજૂઆત સાંસદ શોભનાબેન બારૈયા સમક્ષ કરવામાં આવી હતી. તેમણે આ અંગે સંરક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. જેના પરિણામે સંરક્ષણ મંત્રાલય હેઠળના CANTEEN STORES DEPARTMENT દ્વારા હિંમતનગર ખાતે એક્સ-સર્વિસમેન કેન્ટીન શરૂ કરવા સૈંદ્ધાતિક મંજૂરી આપવામાં આવી છે.

આ નિર્ણયથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે 25 હજારથી વધુ માજી સૈનિકો અને તેમના પરિવારજનોને સીધો લાભ મળશે.

. . . . . . . . . . . . .

# JAMNAGAR RAILWAY NOTICE

જામનગરના હનુમાન ટેકરી સહિતના નાગરિકોને રેલવે તંત્ર દ્વારા મળેલી નોટિસ બાદ સ્થાનિકો દ્વારા સમગ્ર મામલે સાંસદ પૂનમબેન માડમ સમક્ષ રજૂઆત કરી છે.  સુશ્રી માડમે સર્વેને યોગ્ય ઉકેલ લાવવા માટે હૈયા ધારણા આપી હતી. ઉલ્લેખનીય છે કે દિગ્જામ સર્કલ નજીકના હનુમાન ટેકરી અને તેના આસપાસના વિસ્તારના અનેક રહેવાસીઓને રેલવે તંત્ર દ્વારા સાત દિવસમાં તાકીદે જગ્યા ખાલી કરી આપવાની નોટિસ અપાઈ હતી.

. . . . . . . . . . . . .

# TAPI- RAJYA VIKAS KAMISHNAR

રાજ્યના વિકાસ કમિશનર હિતેશ કોયાએ તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ગડત ગામે વિકાસલક્ષી કામોની સમીક્ષા અર્થે વિશેષ મુલાકાત લીધી.

તેમણે ગામમાં કાર્યરત વિવિધ સરકારી યોજનાઓનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. જેમાં ખાસ કરીને ૧૫માં નાણાપંચ હેઠળ થયેલા વિકાસકામો અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગામની સફાઈ વ્યવસ્થા અને સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે ગડત ગામના 'જાગૃતિ સખી મંડળ' ની મુલાકાત લીધી હતી. આ મંડળની પાંચ બહેનોએ મનરેગા યોજના અંતર્ગત મળેલા વર્મી કમ્પોસ્ટ બેડ દ્વારા ખાતર બનાવીને આજીવિકા મેળવવાની સરાહનીય કામગીરી કરી છે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR- PARIKSHA BUS

ભાવનગરમાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા અંતર્ગત પરિક્ષાર્થીઓને સમયસર પરીક્ષા સ્થળ પર પહોંચાડવા માટે નિયમિત બસોનું સંચાલન કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ભાવનગર વિભાગ દ્વારા જો કોઈ શાળા સંચાલક દ્વારા બોર્ડની પરીક્ષા અનવ્યે અલગથી બસોની માંગણી કરવામાં આવશે તો તેના માટે પણ વ્યવસ્થા કરી આપવામાં આવશે. ભાવનગર અને બોટાદ જીલ્લા હસ્તકના તમામ ડેપો દ્વારા સંચાલીત થતી વિધાર્થી ટ્રીપોનું કંટ્રોલરૂમ ખાતે થી જી.પી.એસ. સિસ્ટમના માધ્યમથી મોનિટરીંગ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# DAMAN BOXING

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં યુવા બોક્સિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. મોટી દમણ ખાતે શેમફોર્ડમાં યોજાયેલ આ બોક્સિંગ મેચમાં દમણ દીવ અને દાદરા નગર હવેલીના 40 થી વધુ ખેલાડીઓ જોડાયા હતા. આ સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર આપીને રાષ્ટ્રીય સ્તરે મોકલવામાં આવશે.

. . . . . . . . . . . . . .

# MAHESANA- MARKETYARD

**મહેસાણા**ના બહુચરાજીના માર્કેટયાર્ડમાં તુવેર અને રાયડાના પાકની વધુ આવક થઈ રહી છે.

અમારા **મહેસાણા** જિલ્લાના પ્રતિનિધિ **જયંતિ ચૌધરી** જણાવે છે કે માર્કેટયાર્ડમાં દરરોજ 2 હજાર બોરી તુવેરની આવક થઈ રહી છે . જેનો ભાવ એક હજાર 550 થી લઈને એક હજાર 650 રૂપિયા સુધીના રહ્યા. જ્યારે એક હજાર 200 બોરી રાયડાની આવક નોંધાઇ , જેનો ભાવ રૂપિયા 1200 થી લઈને 1500 સુધીના રહ્યા. આ વખતે સારા વરસાદને કારણે ગત વર્ષ કરતા માર્કેટયાર્ડમાં આવક સારી થઈ રહી છે . સરકારે જાહેર કરેલા ટકાના ભાવ કરતા વધું ભાવ મળતા ખેડૂતો આનંદિત છે. સારા ભાવને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો પણ થશે.

. . . . . . . . . . . . .